ડિસેમ્બર ૨૦૧૧

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ




## નિષ્પક્ષપાતી ત્રિમંદિર

# અક્રમ એક્સપ્રેસ

## નિષ્પક્ષપાતી ત્રિમંદિર

### સંપાદકીય

બાળમિત્રો,

આ મહિને ગોધરામાં નિષ્પક્ષપાતી ત્રિમંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ છે, ખબર છે ને? પણ ગોધરામાં જ રહેતી આપણી આ નવી અને નાનકડી મિત્ર કૃપાને આ મંદિરની વિશેષતાઓ વિષે કંઈ જ ખબર નથી. માટે એને પ્રતિષ્ઠામાં આવવાનો કોઈ ઉત્સાહય નથી. પણ એવું તે કંઈ ચાલતું હશે ? ઘર આંગણે મંદિર બનતું હોય અને એના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો આનંદ માણવામાં ગોધરાની એક પણ વ્યક્તિ રહી જાય એ કેવી રીતે ચલાવી લેવાય?

તો ચાલો, આપણે કૃપાને અને એના જેવા બીજા પણ જો કોઈ રહી જતા હોય તો એને આ મંદિરની ભવ્યતા વિષે જાણકારી આપી, એમને આ ભવ્ય પ્રસંગે આવવા તૈયાર કરીએ.

અને હા, તમે જરૂર આવજો હોં !

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


૧ નિષ્પક્ષપાતી ત્રિમંદિર

૧૦ ચાલો રમીએ...

૧૨ દાદાજી કહે છે....

૧૪ આ તો નવી જ વાત !

૧૬ તમારી જાતને ચકાસી જુઓ !

૧૭ જન્મજયંતિ હાઈલાઈટ્સ



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૪
સળંગ અંક : ૪૦
**ડિસેમ્બર ૨૦૧૧**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**લવાજમ (ગુજરાતી)**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૧૦૦ રૂપિયા**
**યુ.એસ.એ. : ૧૫ ડોલર**
**યુ.કે. : ૧૦ પાઉન્ડ**
**પાંચ વર્ષ**
**ભારત : ૪૫૦ રૂપિયા**
**યુ.એસ.એ. : ૬૦ ડોલર**
**યુ.કે. : ૪૦ પાઉન્ડ**
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# નિષ્પક્ષપાતી ત્રિમંદિર






ગોધરામાં રહેતી કૃપા ભારે નટખટ અને તોફાની હતી. મગજ એનું પાવરફુલ હતું. ખાતરી કર્યા વગર એ કોઈની વાત માની ન લે. અને એને ખાતરી આપવી એટલે ભલભલાના મગજનું દહીં થઈ જાય એવા પ્રશ્નોનો સામનો કરવો પડે.

એક દિવસની વાત છે. કૃપા એના મિત્રો સાથે ઘરના આંગણે રમતી હતી. ત્યાં તો ત્રણ-ચાર અજાણ્યા ભાઈઓ એમના ઘરે આવ્યા. કૃપા પણ કુતૂહલવશાત ઘરમાં ગઈ.

ભાઈઓએ વાતની શરૂઆત કરતા કહ્યું, અમે દાદા ભગવાન પરિવારમાંથી આવ્યા છીએ. તમારા ગોધરામાં ત્રિમંદિરનું નિર્માણ થયું છે. એનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૨૮ડિસેમ્બર થી ૧જાન્યુઆરી ૨૦૧૨ એમ પાંચ દિવસ છે. એ પ્રસંગે પધારવા અમે તમને દાદા ભગવાન પરિવાર તરફથી આમંત્રણ આપવા આવ્યા છીએ. આપ સૌ જરૂરથી પધારશો.

આ સાંભળી કૃપાની વકીલાત બુદ્ધિ ફરી ચાલવા લાગી. હં... ફરી એક મંદિર. આપણા દેશમાં લોકોને મંદિરો બાંધવાનો બહુ શોખ છે. રસ્તે રસ્તે મંદિરો બની ગયા છે. એમાં એક પથ્થરને ભગવાન તરીકે મૂકી દે એટલે ચાલ્યું. લોકો નમતાય જાય અને પૈસાય નાખતા જાય. પૈસા ભેગા કરવાનો સારો રસ્તો છે.

ત્યાં તો કૃપાની મમ્મી મહેમાનો માટે શરબત લઈ આવી. એ જોઈ કૃપાને મમ્મી પર ગુસ્સો આવ્યો, મમ્મી પણ કંઈ પણ જોયા વગર બધાની માટે શરબત લઈ આવે છે. એણે એનો ગુસ્સો મહેમાનો પર કાઢતાં કહ્યું, ''અંકલ, મંદિરમાં પથ્થરની મૂર્તિ બેસાડી

દેવાથી એ મૂર્તિ ભગવાન થોડી થઈ જાય છે!''

અંકલે જવાબ આપ્યો, ''બેટા, મૂર્તિની મહીં ભગવાનની સ્થાપના કરવામાં આવે છે. માટે એ સાક્ષાત્ ભગવાનના દર્શન જેવું ફળ આપે.''

''પણ અમને તો સ્કૂલમાં એવું શીખવવામાં આવ્યું છે કે ઝાડ-પાન, પશુ-પંખી, મનુષ્યો આ બધામાં જીવ રહેલા છે. અને મૂર્તિ તો પથ્થર છે એટલે એ નિર્જીવ જ કહેવાયને ! શું ભગવાન એમાં હોઈ શકે ? તો પછી આપણે આ મંદિરમાં બેસાડેલી મૂર્તિને ભગવાન કેમ માનીએ છીએ?''

''એ એટલા માટે કે તને ખબર હોવા છતાં દરેક સજીવ તત્વની અંદર રહેલા ભગવાનને તું જોઈ શકે છે કે અનુભવી શકે છે?''

'ના' કૃપાએ જવાબ આપ્યો.

''તો જ્યાં સુધી આપણી કે દરેક જીવની અંદર રહેલા ભગવાનના આપણને દર્શન નથી થતા, ત્યાં સુધી આ મૂર્તિના દર્શન કરવા જોઈએ. મૂર્તિ જોઈને આપણને ખ્યાલ આવે કે ભગવાન પ્રેમવાળા એટલે કેવા લાગે! કોઈ પ્રત્યે રાગ નહીં કે કોઈ પ્રત્યે દ્વેષ નહીં. એવા વીતરાગ ભગવાન હોય !

કૃપાએ આવી વાત પહેલી વાર જ સાંભળી. એને થયું, આ તો નવી જ વાત છે! એને અંકલને હજી વધુ પૂછવાનું મન થયું. એણે પૂછ્યું, ''અંકલ, મંદિરો તો આપણે અહીં ઠેર ઠેર છે. તો બીજું નવું મંદિર બંધાવવાની શી જરૂર છે ?''

''આ તો નવી જ જાતનું મંદિર છે. આ ત્રિમંદિર છે.''

''ત્રિમંદિર ?''

''હા, આ મંદિરમાં શ્રી સીમંધર સ્વામીનું મંદિર , શ્રી કૃષ્ણ ભગવાનનું મંદિર અને શ્રી શિવ ભગવાનનું મંદિર એમ ત્રણ મંદિરો ભેગા છે.''



''આ તો ત્રણ જુદા જુદા ધર્મના ભગવાનો છે. તો આ મંદિર જૈનોનું કહેવાય, વૈષ્ણવનું ગણાય કે શિવનું ગણાય?''

''આ નિષ્પક્ષપાતી મંદિર છે, કોઈ એક ધર્મનું નહીં.''

''કેમ નિષ્પક્ષપાતી મંદિર ?''

અંકલે શરબતનો ગ્લાસ પાછો આપતા કહ્યું, ''તારા ઘરમાં કેટલા લોકો રહે છે ?''

કૃપાએ હાથનો પંજો ઊંચે કરી બતાવતા કહ્યું, ''પાંચ.''

''અંદર અંદર તમારા ક્યારેય ઝઘડા થાય છે ?''

કૃપા વિચારવા લાગી, ''હા, એક વાર થયો હતો.''

''ત્યારે ઘરનું વાતાવરણ કેવું થઈ ગયું હતું ?''

''એકદમ સિરયસ''

''અને ઘરમાં શાંતિ લાગતી હતી ?''

''જરાય નહીં.''

''એક્ઝેટલી. ઘરમાં અંદર અંદર ઝઘડા થયા કરતાં હોય તો ઘરમાં શાંતિ નથી રહેતી તો પછી જ્યાં સુધી જુદા જુદા ધર્મો વચ્ચે ઝઘડા-મતભેદ, અમે સાચા, તમે ખોટા એવું ચાલ્યા કરે ત્યાં સુધી દુનિયામાં શાંતિ રહે જ નહીં ને ! અને માટે જ ધર્મો વચ્ચે મતભેદો ટાળવા આ નિષ્પક્ષપાતી ત્રિમંદિર બંધાવવામાં આવ્યું છે. આની પાછળ આશય આટલો જ છે કે જ્યારે લોકો આ મંદિરમાં પ્રવેશે અને વારાફરતી બધા ભગવાનોના દર્શન કરતા જાય તેમ તેમ એના મનમાંથી ધર્મ માટેનો પક્ષપાત મટી જાય. આવા મંદિર જો ઠેર ઠેર બંધાય તો તો દુનિયામાં સુખ-શાંતિ નિશ્ચિત થઈ જાય.''



"ઓહ, ગ્રેટ. આવું તો ક્યારેય કોઈએ વિચાર્યું જ નહીં હોય." કૃપા બહુ ઉત્સાહમાં આવી ગઈ હતી. એને ઘણા પ્રશ્નો ઉઠવા લાગ્યા.

"અંકલ, જૈનોના તો મહાવીર ભગવાન છે, તો સીમંધર સ્વામીનું મંદિર કેમ?"

"કારણ કે સીમંધર સ્વામી અત્યારે જીવતા ભગવાન છે. આપણે ત્યાં નહીં, પણ આપણા જેવી જ બીજી ભૂમિ છે, મહાવિદેહ ક્ષેત્ર. ત્યાં સીમંધર સ્વામી જીવતા-જાગતા, હાલતા-ચાલતા બિરાજે છે. અને મહાવીર સ્વામી તો મોક્ષે પહોંચી ગયા."

"તો શું થયું?"



"ભાઈએ કૃપાની દલીલ પર બે મિનિટ વિચાર કરવો પડ્યો. કંઈક જવાબ મળ્યો હોય એમ એમની આંખો ચમકી. તે બોલ્યા, "તારે તારી સ્કૂલ માટે કંઈ સૂચનો આપવા હોય તો તું અત્યારે જે ટીચરો સ્કૂલમાં છે એને કહે તો ફેરફાર થાય કે જે

> "મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામી જીવતા-જાગતા, હાલતા-ચાલતા બિરાજે છે."


રીટાયર્ડ થઈ ગયા છે એ ટીચરને કહે તો એ ફેરફાર કરી શકે?"

"એ તો અત્યારે જે ટીચર હોય એને કહીએ તો જ ફાયદો થાય ને!"

"બસ. એ જ રીતે હાજર ભગવાનની ભક્તિ કરવાથી મોક્ષ મળે. મોક્ષ એ આપણો ધ્યેય છે. મહાવીર ભગવાનના દર્શન કરવાથી આપણને મોક્ષનો ધ્યેય મજબૂત થતો જાય. અને એટલે જ મહાવીર સ્વામીની પ્રતિમા પણ અહીં રાખવામાં આવી છે."

"ઓહ ! એનો અર્થ કે કૃષ્ણ ભગવાન પણ હજી જીવતા છે!"

"ચોક્કસ."



"એ ક્યાં છે તો?"

"તેઓ પણ આ બ્રહ્માંડમાં જ છે. તેઓ તો હજી ઘણા બધા લોકોનું કલ્યાણ કરીને પછી મોક્ષે

> "કૃષ્ણ ભગવાન ઘણા બધા લોકોનું કલ્યાણ કરીને પછી મોક્ષે જવાના છે"

જવાના છે."

"અને શિવ ભગવાન ? એ પણ જીવે છે?"

"શિવ કોઈ વ્યક્તિ નથી. જે પોતે કલ્યાણ સ્વરૂપ થયા હોય એને શિવ કહેવાય."

"કલ્યાણ સ્વરૂપ? એ કેવી રીતે થવાય?"


"અરે, એના માટે તો ઝેરના પ્યાલા હસતા હસતા પીવા પડે."

"એટલે?"

"એટલે કોઈ તને અક્કલ વગરની કહે તો તને કંઈ થાય?"

"હાસ્તો, થાય જ ને ! મને બહુ ગુસ્સો આવે. એને મારી પણ દઉં."


> "શિવ કોઈ વ્યક્તિ નથી. જે પોતે કલ્યાણ સ્વરૂપ થયા હોય એને શિવ કહેવાય."

"હં, તો એને ઝેરના પ્યાલા પોતે પીધા ન કહેવાય. ઊલટું, આ તો આપણે સામાવાળાને ઝેર પાયું."

"તો શું કરું, એની પૂજા કરું કે સારું થયું તે મને ઝેર પાયું."

"કોઈ આપણને ન ગમતું કહે ત્યારે એ પ્યાલો (અપમાન) આપણે શાંતિથી પી જવો. અત્યાર સુધી તું રડીને કે



ઝઘડીને પીતી હતી એને બદલે હસતા હસતા પી જવાનો. અને ઉપરથી સામા માટે પ્રાર્થના કરવાની કે ભગવાન એને સદ્‌બુદ્ધિ આપે. આવું કરીએ ત્યારે શિવ થવાય.''

''આવું કોઈ કરતું હશે?''

''જેટલા જેટલા જ્ઞાની પુરુષો થયા એ બધા આવી જ રીતે થયા છે. માટે જ તેમને કલ્યાણસ્વરૂપ કહેવામાં આવે છે. અને જ્ઞાનીઓ પણ જીવતા હોય છે. માટે આ જીવતા ભગવાનોનું મંદિર છે''

''અંકલ, તમારી વાત તો બહુ રસપ્રદ છે. હું પ્રાણપ્રતિષ્ઠામાં ચોક્કસ આવીશ.''

''તું પણ આવજે અને બધા તારા મિત્રોને પણ લઈ આવજે.''

મારા મિત્રોમાંથી એક ગણપતિને માને છે, બીજો સાંઈબાબાનો ભક્ત છે અને મારી એક ખાસ ફ્રેન્ડ છે, એ તો અંબામાની રોજ પૂજા કરે છે. એટલે તેઓ આવશે કે નહીં એ ખબર નથી પણ હું તો ચોક્કસ આવીશ.''

''અરે, આ બધા દેવ-દેવીઓ પણ આ મંદિરમાં છે.''

''આ બધા પણ છે?''

''હા, તું ભૂલી ગઈ ? આ નિષ્પક્ષપાતી મંદિર છે એ ?''

''અરે હા, રાઈટ. તો તો એ લોકોને પણ લઈ આવીશ. ત્યાં કયા કયા દેવ-દેવીઓ છે ?''

''સીમંધર સ્વામીના મંદિરમાં એમના શાસન દેવ ચાંદ્રાયણ યક્ષદેવ અને શાસનદેવી પાંચાગુંલી યક્ષિણીદેવી છે.''





ચાંદ્રાયણ યક્ષદેવ



પાંચાગુંલી યક્ષિણીદેવી



આ ઉપરાંત વર્તમાન ચોવીસીના તીર્થંકરો શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી અજિતનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન પણ છે. સાથે સાથે શાસન દેવીઓ પદ્માવતી માતા અને ચક્રેશ્વરી દેવી પણ છે.



શ્રી મહાવીર ભગવાન

> "શાસન દેવ-દેવીઓ તો બધાને મોક્ષે જવા માટે ખૂબ મદદ કરે"



પદ્માવતી માતા



ચક્રેશ્વરી માતા



"દેવ-દેવીઓ અને શાસન દેવ-દેવીઓ એક જ કે જુદા જુદા?"

"જુદા જુદા. શાસન દેવ-દેવીઓ તો બધાને મોક્ષે જવા માટે ખૂબ મદદ કરે. તીર્થંકરોની ભક્તિ કરનારાઓ પર તેઓ બહુ ખુશ હોય."

"ઓહ! પછી?"



“શ્રી કૃષ્ણના મંદિરમાં તિરુપતિ બાલાજી અને શ્રીનાથજી છે. સાથે ભદ્રકાળી મા  અને અંબા મા છે.”

એને ફરી પ્રશ્ન ઊઠ્યો, “ભગવાનોની જેમ આ દેવ-દેવીઓનું શું મહત્વ છે?”

“માતાજી એ તો પ્રકૃતિના દેવી કહેવાય. એમની ભક્તિ કરવાથી પ્રાકૃત શક્તિ ઊભી થાય. આપણી પ્રકૃતિ સહજ બને અને સંસારના વિઘ્નો દૂર થાય.”


ભદ્રકાળી માતા


શ્રીનાથજી


તિરુપતિ બાલાજી


અંબા માતા

“ઓ.કે. અને શિવ ભગવાનના મંદિરમાં ?”

“શિવના મંદિરમાં પાર્વતી મા, હનુમાનજી, ગણપતિ અને નંદી છે.”

“ ગણપતિની પૂજા શેના માટે થાય છે ?

“ગણપતિ એ તો બુદ્ધિના અધિષ્ઠાતા દેવ છે. એમને કોઈ પણ જગ્યાએ બુદ્ધિનો પ્રકાશ ના પડે


હનુમાનજી


પાર્વતી માતા


ગણપતિજી

એવું ના હોય. તેથી તેમની બુદ્ધિમાં જરાય કચાશ નહીં. એટલા માટે જ તેમને સર્વ દેવોમાં પહેલા મૂકવામાં આવે છે. પૂજા વગેરેમાં પણ કાર્યમાં વિઘ્નો ન આવે માટે ગણપતિને પ્રથમ મૂકવામાં આવે છે. એમની પૂજાથી બુદ્ધિ વિનમ્ર થાય, વિપરીત ના થાય.''

''ત્રણે મંદિરની એક બાજુ સાંઈબાબા અને બીજી બાજુ ભાવિ તીર્થંકર પદ્મનાભ પ્રભુનું મંદીર છે.''

સાંઈબાબાનું નામ સાંભળી કૃપા ગાવા લાગી, ''શીરડીવાલે.. સાંઈબાબા''

''હા, એ જ. શીરડીવાલે સાંઈબાબા''

''અંકલ, મેં એમનું પિક્ચર જોયું છે. સરસ હતું. એ એમાં બધાના દુઃખો આમ દૂર




પદ્મનાભ પ્રભુ

સાંઈબાબા



કરી દેતા હતા.'' કૃપાએ ચપટી વગાડતા હાથ હવામાં હલાવ્યો.

''હં, સાંઈબાબા તો ખૂબ કામ કરી રહ્યા છે. હજુ પણ લોકોને સુખ આપી રહ્યા છે ! એમનું કામ જ એ છે કે કેમ કરીને લોકોને દુઃખમાંથી ઉગારવા. લોક કલ્યાણમાં જ હોય એ. આજે પણ જે ભજે એને એટલું ફળ આપે છે!''

''ગ્રેટ, આ તો ખરેખર નિષ્પક્ષપાતી મંદિર છે, અંકલ.''

ત્યાં તો ઘડિયાળમાં એકનો ડંકો પડ્યો. ''ઓહ, એક વાગી ગયો. ચાલો અમે જઈએ.''

કૃપા તો બધી વાત સાંભળી રાજીના રેડ થઈ ગઈ હતી. એ બોલી, ''આવજો અંકલ, હું ચોક્કસ મારા ફ્રેન્ડસને લઈને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આવીશ.''

અને ભાઈઓ ચાલ્યા ગયા.

આપણી નટખટ કૃપા. એ તો ગોધરા ત્રિમંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં જવા તૈયાર થઈ ગઈ.

**અને તમે?**

# ચાલો રમીએ....

## ૧

નીચે આપેલા ચિત્રોમાંથી કયું ચિત્ર જુદુ છે ?





## ૨

બાળકો, નીચે આપેલ પ્રશ્નોના જવાબ ઉલટસુલટ શબ્દોમાં આપેલા છે. તેના સાચા જવાબ ઓળખીને લખો. ગુંચાય તો નહીં જાવને !

| ક્રમ | પ્રશ્નો | ઉલટસુલટ શબ્દ | જવાબ |
|---|---|---|---|
| ૧ | સીમંધર સ્વામી અત્યારે ક્યાં બીરાજે છે ? | હદેહામત્રવિક્ષે | |
| ૨ | ગણપતિજી...............ના દેવ છે. | દ્વિબુ | |
| ૩ | પાર્શ્વનાથ ભગવાનના શાસનદેવી કોણ છે ? | માપતીદ્માવતા | |
| ૪ | આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર કોણ છે ? | ભદ્મનાપભુપ્ર | |
| ૫ | સીમંધરસ્વામી ભગવાનના શાસનદેવ કોણ છે ? | વચાંયદેણયદ્રાક્ષ | |
| ૬ | શિવ એટલે............... સ્વરૂપ | લ્યાકણ | |
| ૭ | અંબામાતાજી ............. ના દેવી છે. | કૃતિપ્ર | |
| ૮ | ગીતાના મૂળ નાયક શ્રી ............. ભગવાન છે. | ષ્ણકૃ | |
| ૯ | બ્રહ્માંડમાં ............ ક્ષેત્ર છે. | દરપં | |
| ૧૦ | સીમંધર સ્વામીના માતાનું નામ શું છે ? | કીત્યદેસાવી | |
| ૧૧ | મહાવિદેહક્ષેત્રમાં અત્યારે ........ તીર્થંકરો વીચરે છે. | સવી | |
| ૧૨ | ગઈ ચોવીસીના છેલ્લા તીર્થંકર શ્રી ........... ભગવાન હતા. | મીરમવીહાસ્વા | |


## ૩

નીચે આપેલ દ્રશ્યમાંથી
એક ચોકની લાઈન ઉપાડી એવી રીતે બીજે
ગોઠવો કે, તેમાંથી એક ફોર્મ્યુલા બને.



## ૪

નીચે આપેલા સિંહની કેશવાહિનીમાં
પાંચ દેશના નામ છૂપાયેલા છે તે
શોધી કાઢો.



## ૫

ખાલી ચોરસ એવી રીતે પુરો જેથી કરીને
દરેક સીધી કટાર, ઊભી કટાર કે ૩x૩નો
બ્લેકમાં બધા ૧ થી ૯ના આંકડા હોય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 3 | 4 | 7 | | | | |
| | 1 | | 5 | | | | 7 | |
| | | 4 | 6 | | 9 | 5 | 3 | |
| 5 | 2 | | 9 | 1 | | | | |
| 9 | | | | | | | | 5 |
| | | | | 5 | 4 | | 9 | 8 |
| | 8 | 2 | 1 | | 5 | 7 | | |
| | | | | | 6 | | 1 | |
| | | | | 2 | 3 | 8 | 5 | |

## ૬

નીચે અલગ અલગ કેકના ટુકડા
આપેલા છે. એમાંથી એક ટુકડો
બધા કરતા અલગ છે,
તે શોધી કાઢો.



# દાદાજી કહે છે...

⊙ અમે મૂર્તિમાં ચેતન મૂકીએ ત્યાર પછી પ્રતિષ્ઠા થઈ કહેવાય. આ દેરાસરમાં જો જો ને, અમે એક-એક મૂર્તિમાં ચેતન મૂકીશું. પ્રતિષ્ઠા થાય પછી પૂજ્ય ગણાય. એવી આ મૂર્તિઓમાં પ્રતિષ્ઠા કરીશ! મૂર્તિઓ બોલશે તમારી જોડે! મૂર્તિઓ વાત કરશે!





⊙ આ મંદિર મતાર્થ કાઢવા માટે છે. આ મતભેદ મટાડવાનું સાધન છે. કૃષ્ણ ભગવાનને જે ભજે, એ સીમંધર સ્વામીને ભજે અને શિવ ભગવાનને ભજે. આ દર્શન કરવાથી મતભેદ તૂટી જશે.



⊙ જે હાજર હોય તે મૂર્તિનાં દર્શન કરીએ તો ઘણો લાભ થાય. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે. જીવતાની મૂર્તિ હોય! તે કેટલું બધું ફળ આપે! કૃષ્ણ ભગવાન જીવતા છે, અને શિવ એટલે કલ્યાણ સ્વરૂપ જ્ઞાની, તે પણ જીવતા હોય છે. એટલે ત્રણેય મંદિરોમાં લોકો દર્શન કરી જાય. એનાથી આ લોકોનો મતાર્થ બધો જતો રહેશે.

⊙ મૂર્તિને ઘંટની કશી જરૂર જ નથી. દર્શન કરવા આવનારનું એક ચિત્ત થાય એટલા માટે ઘંટ હોય છે. બહારનો કોલાહલ સંભળાય નહીં. ભગવાનને આંગી કરે, ધૂપ-અગરબત્તી એ બધું પણ એક ચિત્ત, એક ધ્યાન થાય એટલા માટે હોય છે.

⊙ જ્યાં સુધી અમૂર્ત એવા ભગવાનનું દર્શન, શુદ્ધાત્માનું દર્શન થાય નહીં, ત્યાં સુધી મૂર્તિના દર્શન છોડાય નહીં. મૂર્તિ એ તો ભારતનું સાયન્સ છે!

◉ મૂર્તિથી ચિત્ત એકાગ્ર થાય છે. મૂર્તિ તો વીતરાગ ભગવાનની છે અને એ લોકમાન્ય છે. ભગવાનની મહીં સ્થાપના છે. અને સાથે ઉપર શાસન દેવી-દેવતાનું જબરજસ્ત બળ છે. શાસન દેવી-દેવો રક્ષણ કરનાર છે.



◉ પ્રશ્નકર્તા : દાદા, હું ઘેર બેસીને ભગવાનને યાદ કરું ને મંદિરમાં જઈને યાદ કરું એમાં ફરક ખરો ?''

દાદાશ્રી : હા, ફરક પડે.

પ્રશ્નકર્તા : પેલી પ્રતિષ્ઠા કરેલી છે એટલે ?


દાદાશ્રી : હા, પ્રતિષ્ઠા કરેલી છે અને ત્યાં આગળ દેવલોકોનું બધું રક્ષણ ખરું ને ? એટલે ત્યાં વાતાવરણ હોય, એટલે ત્યાં અસર જ વધારે થાય ને !

◉ ભગવાનના દર્શન કરો તો ભાવથી કરજો. મહેનત કરીને દર્શન કરવા જાઓ પણ દર્શન બરાબર ભાવથી ના કરો તો મહેનત નકામી જાય. ભગવાનનાં દેરાસરમાં જઈને કહેવું કે, હે વીતરાગ ભગવાન ! તમે મારી મહીં જ બેઠા છો, પણ મને તેની ઓળખાણ નથી થઈ તેથી તમારાં દર્શન કરું છું. મને આ 'જ્ઞાની પુરુષ' દાદા ભગવાને શીખવાડ્યું છે તેથી આ પ્રમાણે તમારા દર્શન કરું છું. તો મને મારી 'પોતાની' ઓળખાણ થાય એવી આપ કૃપા કરો.

જ્યાં જાઓ ત્યાં આ પ્રમાણે દર્શન કરજો.

◉ ત્રણ પ્રકારના તીર્થંકરો. એક ભૂતકાળના તીર્થંકર, એક વર્તમાનકાળના તીર્થંકર અને એક ભવિષ્યકાળના તીર્થંકર. એમાં ભૂતકાળના તો થઈ ગયા. એમને સાંભરવાથી આપણને પુણ્ય બંધાય. પણ જો કદી વર્તમાન તીર્થંકરને સાંભરીએ તો એની તો વાત જ જુદી ! વર્તમાનની કિંમત રોકડા રૂપિયા જેવી. જેનાથી આપણું કામ થઈ જાય. ભવિષ્યના તો આવશે ત્યારે આવશે. તે આપણને તો રોકડા જોઈએ. તે હું તમને આ રોકડાની ઓળખાણ કરાવી આપું છું. સીમંધર સ્વામી એ રોકડા ભગવાન કહેવાય.

# આ તો નવી જ વાત !



તીર્થંકરો બધા વીતરાગ ભગવાન કહેવાય. વીતરાગો શું કહે છે ? અમે કશું જ સ્વીકારતા નથી. તું જે આપીશ એ તને 'રીટર્ન વીથ થેન્ક્સ' મળશે. તું ચાર આના આપીશ તો તને અનેકગણું મળશે. ફૂલ નાખીશ તો અનેકગણા ફૂલાં મળશે. અને ગાળ આપીશ તો તે ય તને અનેકગણી મળશે. એક ફેરો વીતરાગને માટે મન, વચન, કાયાની એકતાથી ખર્ચી તો જો!


- પ્રશ્નકર્તા : શાસન દેવ-દેવીઓ શું કરે?
  દાદાશ્રી : લોકોની ધર્મ ઉપરની શ્રદ્ધા હટી ના જાય અને ટકી રહે એ માટે શાસન દેવ-દેવીઓ બહુ હેલ્પ

---

- તીર્થંકરોએ શું કર્યું કે જગત દર્શન કલ્યાણની જ ભાવના ભાવેલી, બસ ! એનું ફળ શું મળ્યું કે આ તીર્થંકર થાય. એ જગત કલ્યાણની ભાવના, બીજી કોઈ ભાવના ના હોય. ખાવાનું જે મળે, જમીન પર સૂવાનું મળે તોય નિરંતર ભાવના શું હોય ? જગતનું કેમકરીને કલ્યાણ થાય ! આખા જગતનું કલ્યાણ કરવાની ઈચ્છા હોય, પછી એ તીર્થંકર થાય.

---

- શ્રેણિક રાજા હતા તે પદ્મનાભ નામે આવતી ચોવીસીમાં પ્રથમતીર્થંકર થવાના છે.



ગણપતિ દેવ અ બુદ્ધિની આંટીઘૂંટીમાંથી પસાર થઈ ગયેલા દેવ છે. એમની પૂજા કરવાથી ઊંધી બુદ્ધિ નાશ પામે છે અને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

- દર્શન કરતાં આવડે તો ચાર માતાઓ હાજરાહજૂર છે, અંબા મા, બહુચરા મા, કાળીકા મા અને ભદ્રકાળી મા

◉ પ્રશ્નકર્તા : દાદા, શું માતાજી ચમત્કાર કરે ?

દાદાશ્રી : આમદેવ-દેવીઓ ચમત્કાર કરે નહીં, પણ આ તો લોકો ધર્મને માર્ગે વળે એટલા માટે શ્રદ્ધા બેસાડવા માટે આવું કંઈક કરે. માતાજી તમારી કઈ મોટી પુણ્ય હોય તો રાજી થાય, નહીં તો થાય નહીં.




પ્રશ્નકર્તા : દાદા, પેલી કાલીયા નાગની જે વાર્તા છે, શું એ સાચી છે ? શું સાચેજ કૃષ્ણ ભગવાને નાગને વશ કર્યો હતો ?''

દાદાશ્રી : આ કાલિયા નાગમાં, નાગ એટલે ક્રોધ. તે ક્રોધને વશ કર્યો હોય ત્યારે કૃષ્ણ થવાય. કર્મને કૃષ કરે તે કૃષ્ણ !

◉ કૃષ્ણ ભગવાન તો મહાન યોગેશ્વર હતા. એ તો વાસુદેવ નારાયણ કહેવાય. લોકોનું કલ્યાણ કરવા માટે રહ્યા છે. એમને પોતાને બહુ મોટું કલ્યાણ કરવું છે એટલે એક અવતાર કરીને પછી જશે. કૃષ્ણ ભગવાને તો નિયાણું કર્યું હતું કે આખું જગત મને પૂજે. અને બધાનું કલ્યાણ કરીને પછી જવાના. કૃષ્ણ તો ગજબના મહાપુરુષ થઈ ગયા.

જેટલું જેટલું દેવોને ધરાવ્યું છે, એ બધું કિંમતી છે, કૃષ્ણ ભગવાનને તુલસીપત્ર, એ બધું સારામાં સારી દવા છે અને મહાદેવજીને બિલિપત્ર ચઢાવેલું, ગણપતિને ધરો ચઠાવે. કહે છે કે ગણપતિના જેવું શરીરને મજબૂત બનાવવું હોય તો ધરોનો રસ પીવો એટલે આ બધી દવાઓ છે. પીપળાના પાનમાં બહુ જબરજસ્ત શક્તિ છે, એ સારામાં સારું છે. એમાં જબરજસ્ત ઈલેક્ટ્રિક શક્તિ ભરેલી છે.



◉ જેના ઘરમાં ભગવાનની આરતી ઊતરે, તેને ત્યાં તો વાતાવરણ જ બહુ ઊંચું વર્તે. આરતી તો વિરતિ છે!

# તમારી જાતને ચકાસી જુઓ !

ચાલો, હવે આ ક્રોસ-વર્ડ પઝલ સોલ્વ કરી આપણે આ અંકમાં મેળવેલી ત્રિમંદીરની સમજણ ચકાસીએ.

## આડું :-

૨. ---- એટલે જ્યાં જ્યાં ફરે ત્યાં બધે તીર્થ થઇ જાય (૪)

૪. ત્રિમંદીરમાં પ્રતિષ્ઠીત ભૂતકાળના તીર્થંકરોની પ્રતિમાઓમાં સમાવેશ થાય છે, તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી અજીતનાથ ભગવાન, શ્રી મહાવીર ભગવાન અને શ્રી----- ભગવાન (૪)

૫. બુધ્ધિના અધિષ્ઠાતા દેવ છે અને એમની પૂજાથી બુધ્ધિ વિનમ્ર થાય, વિભ્રમના થાય, વિપરીત ના થાય.(૪)

૬. કૃષ્ણ ભગવાનની જે કાલિયાદમનની વાત છે એમાં નાગ એટલે---- (૨)

૮. માતાજીની ભક્તિ કરવાથી ----- સારી રહે. (૩)


## ઊભું :-

૧. જગતમાંથી મતભેદ કાઢવા માટે, દાદાશ્રીએ ----- ત્રિમંદીરનું નિર્માણ કર્યું. (૫)

૩. શ્રી ----- એ વર્તમાન  તીર્થંકર છે ને અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે. (૬)

૪. શિવજીના મંદીરમાં શિવજી ઉપરાંત----- હનુમાન દાદા, ગણપતિજી અને નંદીજીની મૂર્તિ સ્થાપિત થયેલી છે.(૫)

૭. શ્રી----- એ આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર છે. (૬)



# પઝલના જવાબો

**૧** ચિત્ર - ૨

**૩** $\sqrt{1} = 1$

**૨** ૧) મહાવિદેહક્ષેત્ર, ૨) બુદ્ધિ, ૩) પદ્માવતીમતા, ૪) પદ્મનાભપ્રભુ, ૫) ચાંદ્રાયણયક્ષદેવ ૬) કલ્યાણ, ૭) પ્રકૃતિ, ૮) કૃષ્ણ, ૯) પંદર, ૧૦) સાત્યકીદેવી, ૧૧) વીસ, ૧૨) મહાવીરસ્વામી

**૪** ૧) કેનેડા, ૨)ઈન્ડિયા, ૩)ઓસ્ટ્રેલયા, ૪) ન્યુઝીલેન્ડ, ૫) આફ્રીકા

**૬** ૬ નંબરનો ટુકડો કારણ કે, ચેરી કેકની વચ્ચોવચ્ચ છે.

**૫**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 3 | 4 | 7 | 1 | 9 | 8 | 2 |
| 8 | 1 | 9 | 5 | 3 | 2 | 4 | 7 | 6 |
| 2 | 7 | 4 | 6 | 8 | 9 | 5 | 3 | 1 |
| 5 | 2 | 6 | 9 | 1 | 8 | 3 | 4 | 7 |
| 9 | 4 | 8 | 3 | 6 | 7 | 1 | 2 | 5 |
| 1 | 3 | 7 | 2 | 5 | 4 | 6 | 9 | 8 |
| 3 | 8 | 2 | 1 | 9 | 5 | 7 | 6 | 4 |
| 7 | 9 | 5 | 8 | 4 | 6 | 2 | 1 | 3 |
| 4 | 6 | 1 | 7 | 2 | 3 | 8 | 5 | 9 |

## ક્રોસ-વર્ડના જવાબો

આડું : ૨. તીર્થંકર, ૪. પાર્શ્વનાથ, ૫. ગણપતિ, ૬. ક્રોધ, ૮.પ્રકૃતિ

ઊભું : ૧. નિષ્પક્ષપાતી, ૩. સીમંધર સ્વામી , ૪. પાર્વતીદેવી, ૭. પદ્મનાભપ્રભુ

## નવેમ્બરમાં બરોડા ખાતે ઉજવાયેલ પૂજ્ય દાદાશ્રીની ૧૦૪મી જન્મજયંતિ મહોત્સવની હાઈલાઈટ્સ






ઓપનીંગ સેરીમનીની ઝલક





બાળકો દ્વારા નૃત્ય

Akram Express

December 2011
Year : 4, Issue : 4
Conti. Issue No.: 40

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month




જન્મજયંતિના દિવસે પૂજ્ય દાદાના દર્શન કરતા
અને આરતી ઉતારતા પૂજ્ય દીપકભાઈ



જન્મજયંતિના દિવસે મહાત્માઓને
દર્શન આપતા પૂજ્યશ્રી



ગ્રાઉન્ડમાં ફરતા મહાત્માઓ



પપેટશો



બાળકો માટે એક્ટિવીટી કોર્નર



ચીલ્ડ્રનપાર્કમાં વિવિધ થીમને
માણતા બાળકો

**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.